સુવિચાર : પરમેશ્વરે મારા જીવનમાં આવતા દરેક પ્રસંગો, સંજોગો મારા કલ્યાણ અને ઉન્નતિ માટે જ સર્જ્યાં છે, તેવી મારી શ્રદ્ધા સદા અખંડ રહો - અરવિંદ

**તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨૭ | ૨૭ ઓક્ટોબર, ૨૦૧૫, મંગળવાર ; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તર ભારત ૭.૫ની તીવ્રતાના ભૂકંપથી ધ્રુજ્યું

**ફટાફટ ન્યુઝ**

- છોટા રાજન હત્યાના ૧૭ કેસોમાં વોન્ટેડ છે : રિપોર્ટ
- બિહારમાં ત્રીજા અને ચોથા ચરણમાં ભાજપ સપાટો બોલાવશે : અમિત શાહ
- બિહારમાં કોંગ્રેસ હાલમાં માત્ર એન્કરની ભૂમિકામાં
- ભારતનો સામનો કરવા હવે ત્રાસવાદનો ઉપયોગ : સીઆઈએના ડિરેક્ટર
- બિહાર ચુંટણી બાદ ઉઁ અંગે જાહેરનામું જારી કરાશે
- હિમાચલમાં લોકપ્રિય ટુરિસ્ટ સ્થળો ઉપર ભારે હિમવર્ષા
- દેશના વિવિધ ભાગોમાં ઠંડીની શરૂઆત થઈ છે
- ખાનગી બેંકોમાં ૧૦૦ ટકા પ્રત્યક્ષ વિદેશી રોકાણ નહી
- નિતિશકુમારના કોમ્પ્યુટરને લાલુ વાયરસ લાગ્યો : મોદી
- દાળ ખૂબ મોંઘી, મોદી દાળ ખાવા વિદેશ જાય છે : રાહુલ
- બજારમાં મંદી : સેન્સેક્સમાં ૧૦૯ પોઈન્ટનો ઘટાડો થયો







## દિલ્હી, પંજાબ, ઉત્તરાખંડ, રાજસ્થાન, કાશ્મીરમાં ભૂકંપનો આંચકો : દિલ્હી અને રાજસ્થાનમાં મેટ્રો ટ્રેનને રોકવા માટેની ફરજ પડી : લોકો બપોરમાં ઘર અને ઓફિસની બહાર દોડી આવ્યા : નુકશાનની સમીક્ષા

નવી દિલ્હી,તા. ૨૬

રિક્ટર સ્કેલ ઉપર ૭.૫ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપના કારણે રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારત હચમચી ઉઠ્યું હતું. જોકે, જાનમાલના નુકશાનના કોઈ અહેવાલ મળ્યા નથી. પરંતુ લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો ખુલ્લા મેદાનમાં દોડી ગયા હતા. આ આંચકાની અસર આશરે ૧ મિનીટ સુધી રહી હતી. જેના કારણે મકાન અને ઈમારતોમાંથી લોકો ભારે દહેશત સાથે દોડી ગયા હતા. આની તીવ્રતા ૭.૫ હતી અને ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ પહાડીમાં હોવાનું જાણવા મળ્યું છે. હજારો લોકો ઘરની બહાર દોડી ગયા



હતા. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી ઉપરાંત જે રાજ્યોમાં ભૂકંપનો પ્રચંડ આંચકો અનુભવાયો હતો તેમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, ઉત્તરપ્રદેશનો પણ સમાવેશ થાય છે. અમેરિકાના ભૂકંપ સંબંધિત વિભાગે કહ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર પાટનગર કાબુલથી આશરે ૨૪૦ કિલોમીટરના અંતરે અફઘાનિસ્તાનમાં જર્મથી ૪૫ કિલોમીટર દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમે સ્થિત હતું. રિક્ટર સ્કેલ ઉપર અમેરિકા દ્વારા તીવ્રતા ૭.૭ આંકવામાં આવી હતી. રાષ્ટ્રીય પાટનગરમાં આંચકો અનુભવ્યા બાદ દિલ્હી મેટ્રોની સેવાને થોડાક સમય માટે રોકી દેવાઈ હતી. આ ઉપરાંત જયપુરમાં પણ મેટ્રો સેવાને રોકવામાં આવી હતી. લોકો બપોરના ગાળામાં ઓફિસની બહાર દોડી ગયા હતા. લોકોએ કહ્યું હતું કે આંચકો ખૂબ જ પ્રચંડ રહ્યો હતો. ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાન-અફઘાન પ્રચંડ ભૂકંપથી હચમચ્યા

ઈસ્લામાબાદ,તા. ૨૬

૭.૫ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પણ હચમચી ઉઠ્યું છે. આ ભૂકંપના કારણે પાકિસ્તાનમાં ૪૦થી પણ વધુ લોકોના મોત થયા છે. અફઘાનિસ્તાન પણ હચમચી ઉઠ્યું છે. બન્ને

**પાકિસ્તાનમાં ૪૦થી વધુ લોકોના મોત : બન્ને દેશોમાં ભારે નુકશાન : ઈસ્લામાબાદ, રાવલપિંડી, લાહોર સહિત તમામ મોટા શહેરોમાં ભારે દહેશત ફેલાઈ**

જગ્યાઓએ ભારે નુકશાન થયું છે. પાકિસ્તાનમાં બચાવ અને રાહત કામગીરીમાં સામેલ અધિકારીઓએ કહ્યું છે કે, ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનમાં ૪૦થી પણ વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. મોતનો આંકડો હજી પણ વધી શકે છે. અફઘાનિસ્તાનમાં મુખ્ય કેન્દ્ર હોવાનું જાણવા મળેલ છે. હિન્દુકુશ વિસ્તારમાં મુખ્ય કેન્દ્ર રહ્યું હતું. હિન્દુકુશ પહાડીમાં મુખ્ય કેન્દ્ર રહ્યા બાદ તેની સીધી અસર પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં જોવા મળી હતી. પાકિસ્તાનના મોટાભાગના શહેરોમાં ભારે નુકશાન થયું છે. ભૂકંપનો આ આંચકો ૨:૪૦ મિનિટે આવ્યો હતો. જેનું કેન્દ્ર અફઘાનિસ્તાનમાં રહ્યું હતું. પાકિસ્તાનમાં સૌથી વધુ નુકશાનના અહેવાલ મળ્યા છે. સ્વાતખીણમાં અનેક મકાનો ધરાશાયી થઈ ગયા હતા. બીજીબાજુ પેશાવરમાં પણ ઈમારતો ધરાશાયી થઈ હતી. દેશમાં અન્ય સ્થાનો પર પણ ભારે નુકશાન થયું છે. ભૂકંપનું કેન્દ્ર બિંદુ હિન્દુકુશ પહાડીઓના ફૈઝાબાદમાં હતું. ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૨૦૦ મીટર નીચે હોવા છતાં નુકશાન થયું છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં બચાવ-રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી. ઈસ્લામાબાદ, રાવલપીંડી, લાહોર, સરગોડામાં પણ ભારે નુકશાન થયું હતું. અમેરિકાની ભૂકંપ સંસ્થાએ કહ્યું છે કે, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં સૌથી વધુ નુકશાન થયું છે.

# છોટા રાજન ઈન્ડોનેશિયાથી ઝડપાયો

**રાજનની ધરપકડ કરાઈ હોવાના અહેવાલને રાજનાથનું સમર્થન : ભારતીય સત્તાવાળાઓની વિનંતી બાદ ઓસ્ટ્રેલિયન પોલીસે બાતમી આપ્યા બાદ બાલી પહોંચતા છોટા રાજનને પકડી લેવાયો : ભારત લવાય તેવી વકી**



નવી દિલ્હી,તા. ૨૬

અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની ઈન્ડોનેશિયામાં અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. આ અહેવાલને મોડેથી કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પણ સમર્થન આપતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. રાજનાથસિંહે કહ્યું હતું કે, દશકો સુધી રડાર ઉપર રહ્યા બાદ ઈન્ડોનેશિયાના લોકપ્રિય રિસોર્ટ બાલીમાં ઈન્ડોનેશિયન સત્તાવાળાઓ દ્વારા છોટા રાજનની ધરપકડ કરી લેવામાં આવી છે. છોટા રાજનને હવે ભારતમાં લાવવામાં આવે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, રાજનની ધરપકડના અહેવાલ સાચા છે. અમે રાજનને પકડી પાડ્યો છે. ઓળખની પ્રક્રિયા ચાલી રહી છે. સીબીઆઈના ડિરેક્ટર અનિલ સિન્હાએ કહ્યું હતું કે, ઈન્ટરપોલ મારફતે સીબીઆઈએ અપીલ કર્યા બાદ રાજનની ધરપકડ કરી લેવાઈ છે.

સીબીઆઈના ડિરેક્ટર તરફથી સુચનો કરાયા બાદ રાજનાથસિંહે પ્રતિક્રિયા આપી હતી. પોલીસ પ્રવક્તા હેરી વીયાન્ટોએ માહિતી આપતા કહ્યું છે કે, ઓસ્ટ્રેલિયન પોલીસ તરફથી બાતમી મળ્યા બાદ ઈન્ડોનેશિયન સત્તાવાળાઓએ છોટા રાજન ઉર્ફે રાજન સદાશિવ નિખાલજેની ધરપકડ કરી છે. તે સિડનીથી બાલી પહોંચ્યો હતો. તેની ધરપકડના અહેવાલ આવ્યા બાદ શરૂઆતમાં ગુંચવણભરી સ્થિતિ રહી હતી.

શરૂઆતમાં એવા અહેવાલ આવ્યા હતા કે બાલીમાં ઝડપાયેલો શખ્સ સિરીયલ કિલર સાઈનાઈડ મોહન છે, જેને ભારતમાં મૃત્યુદંડની સજા ૨૦૧૩માં કરાઈ હતી. ઓછામાં ઓછી ૨૦ મહિલાઓની હત્યા કરવા બદલ તેને મૃત્યુદંડની સજા કરાઈ હતી. જોકે સિન્હાએ મોડેથી રાજનની ધરપકડ કરાઈ હોવાના અહેવાલને સમર્થન આપ્યું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પંચાયત માટે ૭૯૫ અને પાલિકા માટે ૧૫૭ મતદાન મથકો બનશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે ૭૯૫ મતદાન મથકો અને કલોલ-દહેગામ નગરપાલિકાની બેઠકો માટે ૧૫૭ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં નિયત થયેલા મતદાન મથકોમાં અંદાજે ૨૦ જેટલા મતદાન મથકો ખાનગી અથવા ટ્રસ્ટ સંચાલિત સંકુલમાં છે. જ્યારે બાકીના તમામ મતદાન મથકો સરકારી પ્રા. શાળાના મકાનમાં નિયત કરાયેલા છે.

આ મતદાન મથકોની આજથી ચકાસણી પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે જેમાં મતદાન મથકના બારી-બારણાં અને સુરક્ષા સહિતની બાબતો ચકાસવામાં આવી રહી છે.

રાજ્યમાં ૨૯મી નવેમ્બરે યોજાનાર પંચાયતો અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણી માટે નવ આર.ઓ.

**મતદાન મથકોની ચકાસણી તંત્ર દ્વારા હાથ ધરાઈ : ૫૦૦ ઈ.વી.એમ. પણ વધુ જરૂરિયાત જણાતાં મેળવી લેવાયા**

અને નવ એ.આર.ઓ.ની નિમણુંક પણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં ૬,૯૬,૪૧૯ મતદારો આ ચૂંટણીમાં તેના મતાધિકારનો ઉપયોગ કરી અને પોતાના પ્રતિનિધિઓ ચૂંટશે.

જિલ્લામાં ચૂંટણી અંગેની તૈયારીઓ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. આ માટેના જરૂરી હૂકમો પણ હવે પછી જારી કરવામાં આવશે.

જિલ્લા તંત્ર દ્વારા મતદારયાદીનું આખરીકરણ આમ તો કરી દેવાયું છે. જિલ્લામાં ઈ.વી.એમ.નું અધિકારીઓ દ્વારા એફ.એસ.સી. થઈ ગયું છે. જેમાં જે મશીનો દુરસ્ત જણાયા છે તે બધાની મરામત પણ કરી દેવામાં આવી છે. ૫૦૦ જેટલા વધારાના ઈવીએમ પણ મેળવી લેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


## વધે નામના આપની - એવી શુભકામના અમારી



ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોના રાષ્ટ્રપતિ ભવનમાં અદ્દભૂત ગરબાની પ્રસ્તુતિ અને રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાના અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી ભાવિન પટેલ અને ટીમના તમામ કલાકારોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ... ભાવિન પટેલના નેતૃત્ત્વમાં સૌ કલાકારો ઉત્તરોત્તર પ્રગતિ કરી ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધારો એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

**ડો. કૌશિક શાહ**
પ્રમુખ,
ગાંધીનગર શહેર કોંગ્રેસ

**કેદાર શાહ**
બરસાના રેસીડન્સી
સાદરા




**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧